# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૫/ક્વા-૨/૨૧-૨૨/૫૬૬૫-૧ તા.૨૯.૦૯.૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG- ૨૫/ક્વા-૨/૨૧-૨૨**

અરજદાર : ભાર્ગવ ગોવિંદભાઈ દાવડા ગામ: રાજકોટ
પેટા વિભાગીય કચેરી : વાવડી
રજૂઆત કરનાર : અરજદાર હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩
રજૂઆત કરનાર : કાર્યપાલક ઈજનેર શ્રી એમ.આર.માંકડિયા અને નાયબ ઈજનેર- ટેક શ્રી એસ.જી.સોજીત્રા પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩.

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૪-૦૯-૨૧ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૪-૦૯-૨૧ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ દ્વારા તા.૦૨/૦૩/૨૦૨૧ ના રોજ ટેમ્પરરી કનેક્શનની ડીપોઝીટ રીફંડ મેળવવા માટે અરજી કરેલ હોય પરંતુ ૦૫ (પાંચ) માસ થવા આવેલ હોવા છતાં ડીપોઝીટ રીફંડ મળેલ ન હોય અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે વાવડી સબડીવીઝનના અરજદાર શ્રી ભાર્ગવ ગોવિંદભાઈ દાવડા દ્વારા તેમના વીજજોડાણ ગ્રાહક નંબર-૩૪૫૦૦/૦૩૬૬૦/૧ માં ટેમ્પરરી કનેક્શન અન્વયે ડીપોઝીટ રીફંડ મેળવવા માટે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૩.૧ ઉપરોક્ત બાબતે ટેમ્પરરી વીજજોડાણ અન્વયે ભરેલ મળવા પાત્ર ડીપોઝીટ ની રકમ રૂ.૧૬૭૪૯ ચેક નંબર-૪૬૨૫૧૬ તા.૦૯-૦૮-૨૧ ના રોજ થી **RTGS** કરેલ છે. જે અનુસંધાને અરજદારની ફરિયાદનું નિરાકરણ થયેલ હોય અરજદાર દ્વારા તા.૨૩-૦૮-૨૧ ની લેખિત સમંતિ હેઠળનું સમાધાનપત્ર ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારના ટેમ્પરરી વીજજોડાણ ગ્રાહકનં -૩૪૫૦૦/૦૩૬૬૦/૧ માં ભરપાઈ કરેલ ડીપોઝીટની રકમ રીફંડ મેળવવા માટે તા.૦૨/૦૩/૨૦૨૧ થી પી.જી.વી.સી.એલ. પક્ષકારને રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી થયેલ ન હોય અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત મુદ્દા નં ૪.૧ મુજબની વિગતે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારની અરજી અન્વયે તા.૧૭-૦૩-૨૧ ના રોજ સદર વીજજોડાણને પીડીસી કરેલ છે. ત્યારબાદ સદર મીટરનું મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં ચકાસણી તા.૦૩-૦૬-૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ હતી તેમજ અરજદારની ડીપોઝીટ રીફંડ મેળવવા માટેની અરજીના અનુસંધાને ફાઈનલ બીલ બનાવીને જરૂરી મંજુરી મેળવીને અરજદારશ્રી ભાર્ગવ ગોવિંદભાઈ દાવડાના બેંક એકાઉન્ટમાં ચેક નંબર-૪૬૨૫૧૬ તા.૦૯-૦૮-૨૧ થી રકમ રૂ.૧૬૭૪૯ **RTGS** કરેલ છે.

૪.૩ ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ મુજબ ની વિગતે અરજદારની લેખિત સહીવાળું સમાધાનપત્ર તા.૨૩-૦૮-૨૦૨૧ મુજબ અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ હોય સદર સમાધાનપત્ર ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

૪.૪ આમ ફોરમે કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(એન.એચ.જોષી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |